# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-04-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સંસ્કૃતિ ભુંડિયા** વાંચે છે.

---

1) જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં ફસાયેલા તમામ ગુજરાતીઓને સલામત રીતે પરત લાવવા રાજ્ય સરકારનો પ્રયાસ
2) રાજ્યમાં 179 કેન્દ્ર પરથી ચણા અને 87 કેન્દ્ર પરથી રાયડાની ટેકાના ભાવે ખરીદીનો આજથી પ્રારંભ
3) કેન્દ્રીય રાજ્યમંત્રી જયંત ચૌધરીએ દેશના યુવાનોને નવા સંશોધન અને કૌશલ્ય સાથે જોડવા આહ્વાન કર્યું
4) રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમી વધવાની હવામાન ખાતાની આગાહી.
5) IPL માં ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં ટોસ જીતીને કોલકાતા નાઈટ રાઈડર્સે બોલિંગ પસંદ કરી.

---

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

# RUSHIKESH PATEL ON JK

જમ્મુ-કાશ્મીરના રામબન જિલ્લામાં આવેલા ભૂસ્ખલનના કારણે ફસાયેલા તમામ ગુજરાતીઓને સલામત રીતે પરત લાવવા રાજ્ય સરકારે પ્રયાસ હાથ ધર્યા છે,તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે. જામનગરમાં આ અંગે માહિતી આપતા તેમણે કહ્યું કે ,મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ જમ્મુ-કાશ્મીર સરકાર સાથે વાતચીત કરી ગુજરાતીઓને સલામત સ્થળે ખસેડવાની વ્યવસ્થા કરી છે.

(બાઈટઃ ઋષિકેશ પટેલ, પ્રવક્તા મંત્રી, રાજ્ય સરકાર)

. . . . . . . . . . . . .

# CHANA KHARIDI

રાજ્યમાં 179 ખરીદ કેન્દ્ર પરથી ચણા અને 87 ખરીદ કેન્દ્ર પરથી રાયડાની ટેકાના ભાવે ખરીદીનો આજથી પ્રારંભ થયો છે.

ગાંધીનગરથી આ ખરીદીનો વર્ચ્યૂઅલ પ્રારંભ કરાવતાં કૃષિમંત્રી રાઘવજી પટેલે કહ્યું, આ વખતે ખેડૂતો પાસેથી એક હજાર 903 કરોડ રૂપિયાની કિંમતનો ત્રણ લાખ 36 હજાર મૅટ્રિક ટન ચણાની અને 767 કરોડ રૂપિયાની કિંમતના એક લાખ 29 હજાર મૅટ્રિક ટન રાયડાની ખરીદી કરાશે.

(બાઈટ -- કૃષિમંત્રી રાઘવજી પટેલ)

તેમણે કહ્યું, ટેકાના ભાવે ચણાના વેચાણ માટે ત્રણ લાખ 36 હજારથી વધુ ખેડૂતો અને રાયડાના વેચાણ માટે એક લાખ 18 હજારથી વધુ ખેડૂતોએ ઑનલાઈન નોંધણી કરાવી છે.

. . . . . . . . . . . . .

# JAYANTI CHAUDHRI PDEU

કેન્દ્રીય કૌશલ્ય વિકાસ રાજ્યમંત્રી જયંત ચૌધરીએ કહ્યું , સમગ્ર દેશમાં વિશ્વ-વિદ્યાલયોએ ઉદ્યોગોની જરૂરિયાત મુજબ વિદ્યાર્થીઓને કૌશલ્યની તાલીમ મળે તે સુનિશ્ચિત કરવું જોઈએ. ગાંધીનગરમાં પંડિત દિનદયાળ એનર્જી યુનિવર્સિટી-P.D.E.U.ખાતે નૅશનલ સ્કિલ ડેવલપમૅન્ટ કૉર્પોરેશન-N.S.D.C.અને P.D.E.U. દ્વારા સંયુક્ત રીતે સ્થાપિત સૅન્ટર ઑફ એક્સલેન્સ- C.O.E.નું ઉદ્ઘાટન કરતા શ્રી ચૌધરીએ દેશના યુવાનોને નવા સંશોધન અને કૌશલ્ય સાથે જોડવા આહ્વાન કર્યું હતું. તેમણે સેમિ-કન્ડક્ટર અને પુનઃપ્રાપ્ય ઊર્જામાં રોજગારી માટે સારી તક હોવાનું પણ જણાવ્યું હતું.

**(બાઈટઃ જયંત ચૌધરી, કેન્દ્રીય મંત્રી)**

ઉલ્લેખનીય છે કે, આ સેન્ટરમાં સેમિ-કન્ડક્ટર ઉત્પાદન, નવીનીકરણીય અને બિન-નવીનીકરણીય ઊર્જા, ડિજિટલ એજ જેવા ક્ષેત્રમાં 40-થી વધુ ઑનલાઈન અને હાઈબ્રિડ અભ્યાસક્રમ ચલાવવામાં આવશે.

. . . . . . . . . . . . .

# VADODARA MEHSANA ACCIDENT

વડોદરા અને મહેસાણા નજીક થયેલા અલગ અલગ માર્ગ અકસ્માતમાં ચાર લોકોના મોત અને 24થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, ગઈકાલે મોડી રાત્રે સુરતથી અમદાવાદ જતી ખાનગી બસ અને ટ્રક વચ્ચે વડોદરામાં ગોલ્ડન ચોકડી નજીક અકસ્માત થયો હતો, જેમાં બે લોકોના મોત અને સાત લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા.

બીજી તરફ, મહેસાણા અને ઊંઝા રાજમાર્ગ પર સિદ્ધપુરના મક્તુપુર નજીક અન્ય એક અકસ્માત સર્જાયો. રાજસ્થાનના બોલતરથી સુરત જતી ખાનગી બસ અને એક ટ્રેલર વચ્ચેના આ અકસ્માતમાં બે-ના મોત અને 17 લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. આ અંગેની જાણ થતાં મહેસાણા , ઊંઝા અને ધારપુરથી ઍમ્બુલૅન્સ અને પોલીસની ટુકડી ઘટનાસ્થળે પહોંચી હતી. આ બંને અકસ્માતની ઘટનામાં હાલ તપાસ ચાલી રહી છે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# JAMNAGAR AYURVED UNI

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે આયુર્વેદ પર અતૂટ વિશ્વાસ મુકી તેનો સમગ્ર વિશ્વમાં વ્યાપ વધારવા વિદ્યાર્થીઓને આહ્વાન કર્યું છે. જામનગરની ગુજરાત આયુર્વેદ વિશ્વવિદ્યાલયના 29-મા પદવીદાન સમારોહને સંબોધતા શ્રી દેવવ્રતે વિદ્યાર્થીઓને આગામી કારકિર્દીમાં લીધેલા સંકલ્પને ચરિતાર્થ કરવા પણ અપીલ કરી હતી.

**(બાઈટઃ રાજ્યપાલ આચાર્ય દેવવ્રત )**

આ પ્રસંગે ઉચ્ચ અને ટૅક્નિકલ શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું, આયુર્વેદ ચિકિત્સા પદ્ધતિને જાળવી રાખવા અને લોકોમાં જાગૃતતા આવે તે હેતુથી  રાજ્ય સરકાર અનેક પગલાં લઈ રહી છે.

આ કાર્યક્રમમાં એક હજાર 841 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી.

. . . . . . . . . . . . . .

# MORBI MACHCHHU DAM

મોરબીના મચ્છુ ત્રણ બંધનો એક દરવાજો એક ફૂટ ખોલાતા મોરબી અને માળિયા તાલુકાના 21 ગામને ચેતવણી આપવામાં આવી છે. મોરબીના અમારા પ્રતિનિધિ રવિ મોટવાણી જણાવે છે , મચ્છુ ત્રણ બંધ સંપૂર્ણ ભરાઈ ગયો છે. તેથી વધારાનું પાણી નદીમાં છોડવાની જરૂરિયાતને લઈ આજે આ દરવાજો ખોલવો પડ્યો હતો. જેના પગલે ગોર ખીજડિયા , વનાળિયા, માનસર, નારણકા, નવા સાદુળકા, જુના સાદુળકા, રવાપર, ગૂંગણ સહિત 21 ગામને સાવચેત રહેવા સૂચના અપાઈ છે અને ગ્રામજનોને નદીના પટમાં અવરજવર ન કરવા પણ જણાવાયું છે.

. . . . . . . . . . . . . .

# VALSAD DRUGS

વલસાડમાંથી પોલીસે સાડા સાત કિલોના માદકપદાર્થ સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે. વલસાડના અમારા પ્રતિનિધિ  નવિન પટેલ જણાવે છે, વલસાડ ગ્રામ્ય પોલીસ અને મુંબઈ ચુનાભઠ્ઠી ચેમ્બુર પોલીસે   સંયુક્ત અભિયાન અંતર્ગત હિંગરાજ ગામમાં દરોડા પાડ્યા હતા. દરમિયાન સાડા સાત કિલો માદક પદાર્થ સાથે એક વ્યક્તિને પકડવામાં આવ્યો છે. જોકે   ,  ફરાર થયેલા મુખ્ય આરોપીને પકડવા વલસાડ પોલીસે વિશેષ ટુકડી ગોઠવી છે.

. . . . . . . . . . . . .

# WEATHER

રાજ્યમાં આગામી ત્રણ દિવસ ગરમીમાં વધારો થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. આ સમયગાળા દરમિયાન દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેવાની પણ શક્યતા છે. જ્યારે આજથી આગામી 25 એપ્રિલ સુધી સૌરાષ્ટ્ર અને કચ્છમાં મહત્તમ તાપમાન 40થી 43 ડિગ્રી સેલ્સિયસ સુધી રહેવાની સંભાવના હોવાનું હવામાન ખાતાના નિયામક ડૉ. એ. કે. દાસે જણાવ્યું છે.

(બાઈટઃ ડૉ. એ. કે. દાસ, નિયામક, હવામાન ખાતા)

દરમિયાન છેલ્લા 24 કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 42 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન પોરબંદરમાં નોંધાયું છે ,જ્યારે કંડલા હવાઈમથક ,અમરેલી અને સુરેન્દ્રનગર જિલ્લામાં મહત્તમ 41 ડિગ્રી તાપમાન સેલ્સિયસ રહ્યું છે.અમદાવાદ , ગાંધીનગર, ભુજમાં 40 અને આ સિવાયના જિલ્લાઓ અને શહેરોમાં મહત્તમ તાપમાનનો પારો 40 ડિગ્રી સેલ્સિયસથી ઓછો નોંધાયો હતો.

. . . . . . . . . . . . .

# DANG KHATMUHURT

ડાંગ જિલ્લાના બારીપાડા ગામમાં આઠ કરોડ 50 લાખ રૂપિયાના ખર્ચે નિર્માણ પામનારા બારીપાડા માનમોડી સુરગાણા માર્ગનું ખાતમુહૂર્ત કરાયું. વઘઈ તાલુકાના પ્રતિનિધિઓ અને લોકોની માગણીને ધ્યાનમાં રાખી કરાયેલા આ ખાતમુહૂર્તથી સ્થાનિકોને લાભ થશે તેમ ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્યદંડક વિજય પટેલે જણાવ્યું હતું.

. . . . . . . . . . . . .

# IPL CRICKET

ઇન્ડિયન પ્રીમિયર લીગ- I.P.L.ટી-20 ક્રિકેટમાં આજે ગુજરાત ટાઈટન્સ અને કોલકાતા નાઈટ રાઈડર્સ વચ્ચે મૅચ રમાશે. કોલકાતાના ઈડન ગાર્ડન સ્ટેડિયમમાં હમણાં સાડા સાત વાગ્યે આ મૅચ શરૂ થશે. મળતી માહિતી મુજબ , ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં ટોસ જીતીને કોલકાતા નાઈટ રાઈડર્સે બોલિંગ પસંદ કરી

ગુજરાત સાત મૅચમાં પાંચ મૅચ જીતીને પૉઈન્ટ ટેબલમાં 10 પૉઈન્ટ સાથે ટોચના સ્થાને છે , જ્યારે કોલકાતા ત્રણ જીત અને ચાર હાર સાથે સાતમા સ્થાન પર છે.

. . . . . . . . . . . . .

# NAVSARI KERI AVAK

નવસારીના માર્કેટિંગ યાર્ડમાં આજથી કેરીની આવક શરૂ થઈ ગઈ છે. આ મોસમમાં પહેલી વાર 914 મણ કેરીની આવક નોંધાઈ છે. આજે એક મણ એટલે કે, 20 કિલો કેસર કેરીનો ભાવ એક હજાર 260થી બે હજાર 160 રૂપિયા સુધીનો બોલાયો હતો. જ્યારે દશેરી કેરીનો ભાવ 800થી એક હજાર 110 રૂપિયા અને લંગડો કેરીનો ભાવ 925થી એક હજાર 405 રૂપિયા બોલાયો હતો. કેરીના સારા ભાવ મળતાં ખેડૂતોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી.

. . . . . . . . . . . . .